# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-10-2023** **Evening : 7.10 to 7.20**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **અર્પિશા રાજપુરોહિત** વાંચે છે.

---

- ગાંધીનગરમાં ટેક્ષટાઇલ સહિત ચાર ક્ષેત્રમાં ૧ હજાર ૧૦૦ કરોડથી વધુના રોકાણ હેતુથી ચાર સમજૂતી કરાર થયા છે.
- વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક રોકાણકાર પરિષદને 20 વર્ષ પૂર્ણ થયા, એ નિમિત્તે આવતીકાલે દિલ્હીમાં કર્ટેન રેઇઝર કાર્યક્રમનું આયોજન કરાશે.
- આજે ગાંધીનગર ખાતે જિલ્લાના આરોગ્યમંત્રી અને રાજ્યના આરોગ્ય વડાઓની ઉચ્ચસ્તરીય બેઠક યોજાઇ ગઇ.
- “10 ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાના” ની યોજના અંતર્ગત ચાલુ વર્ષે 250 નવા ફરતા પશુ દવાખાના શરૂ કરાશે..
- નેશનલ હાઇસ્પીડ રેલ કોર્પોરેશને વલસાડ જીલ્લામાં બુલેટ ટ્રેન માટે 350 મીટર લંબાઇવાળી ટનલની કામગીરી પૂર્ણ કરી..
- ICC એક દિવસીય વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધાનો અમદાવાદમાં આજથી આરંભ - ઇંગ્લેન્ડે ન્યુઝીલેન્ડને વિજય માટે 283 રનનો લક્ષ્યાંક આપ્યો.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM- MOU

ગાંધીનગરમાં કડી ખાતે ટેક્ષટાઇલ, ઉર્જા, સંરક્ષણ અને અવકાશ ક્ષેત્ર માટે ૧ હજાર ૧૦૦ કરોડથી વધુના રોકાણ હેતુથી ચાર સમજૂતી કરાર થયા છે. આ ઉદ્યોગોમાં અંદાજે ૧ હજાર ૧૯૦ જેટલી રોજગારીની તકોનું નિર્માણ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં ગઇકાલે ગાંધીનગર ખાતે આ સમજૂતી કરાર ઉપર હસ્તાક્ષર કરાયા છે.

આ MoU અનુસાર સુરત જિલ્લાના ઇચ્છાપોર ખાતે પોલિ ફિલ્મ્સ મેન્યુફેક્ચરીંગ યુનિટ શરૂ કરવા માટે એસ. એમ. એલ. ફિલ્મ્સ લિમિટેડ દ્વારા ૪૫૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે.

પેકેજિંગ સેક્ટરના ઉદ્યોગ માટે ભરૂચ જિલ્લામાં આકાશ પોલિ ફિલ્મ્સ લિમિટેડ દ્વારા ૪૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરાશે. તેમજ ભરૂચમાં કેમિકલ ડાઈઝ ક્ષેત્રે સુપરીત કેમિકલ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ૧૫૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે.. આ ઉપરાંત પાવર, ડિફેન્સ અને સ્પેસ ક્ષેત્રે ૧૦૦ કરોડ રૂપિયાના રોકાણો માટે MoU થયા હતા.

ઉલ્લેખનીય છે કે, ગત જુલાઇથી અત્યાર સુધીમાં આઠ તબક્કામાં કુલ ૧૪ હજાર ૬૩૬ કરોડ રૂપિયાના ૩૫ સમજૂતી કરાર થયાં છે.

# CM- FICCI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉદ્યોગ અને વ્યવસાય ક્ષેત્રે પર્યાવરણ જાળવણી માટે જરૂરી માળખાકીય સુવિધા ઉભી કરવા અનુરોધ કર્યો છે.

અમદાવાદમાં FICCIની રાષ્ટ્રીય કારોબારી સમિતિની બેઠકનો શુભારંભ કરાવતાં મુખ્યમંત્રીએ આ મુજબ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વાઈબ્રન્ટ સમિટ બ્રાન્ડિંગ નહીં પણ જોડાણનું પ્રતીક છે અને FICCIએ આ બાબત સાર્થક કરી છે. તેમણે આગામી જાન્યુઆરી 2024માં યોજાનારી વાયબ્રન્ટ સમિટની થીમ "ગેટ વે ટુ ધ ફ્યુચર" રાખવામાં આવી છે તેમ જણાવીને પરિષદનો હેતુ સમજાવ્યો હતો. આ બેઠકમાં ગુજરાત, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, તમિલનાડુ સહિતના વિવિધ રાજ્યોથી ફિક્કીની કારોબારી સમિતિના સભ્યો ભાગ લઇ રહ્યા છે.

## VIBRANT SUMMIT 20 YEARS

વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક રોકાણકાર પરિષદને 20 વર્ષ પૂર્ણ થયા છે એ નિમિત્તે યોજાઇ રહેલા વિવિધ કાર્યક્રમો અંતર્ગત આવતીકાલે દિલ્હીમાં ખાસ કર્ટેન રેઇઝર કાર્યક્રમનું આયોજન કરાશે.

કાર્યક્રમની શરૂઆતમાં દ્રશ્ય- શ્રાવ્ય ફિલ્મ દ્વારા માહિતી અપાશે તેમજ ગુજરાતના ખાણ અને ઉદ્યોગ વિભાગના સચિવ એસ.જે. હૈદર વાયબ્રન્ટ ગુજરાત પરિષદ અંગે પ્રેન્ઝન્ટેશન આપશે. ત્યારબાદ અગ્રણી ઉદ્યોગપતિઓ ગુજરાતમાં તેમના અનુભવો અંગે વાત કરશે અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મુખ્ય સંબોધન કરશે. આવતીકાલે સાંજે મિશનના વડાઓ સાથે વાર્તાલાપનો કાર્યક્રમ યોજાશે જેમાં કેન્દ્રિય વિદેશમંત્રી એસ. જયશંકર સંબોધન કરશે.

## VIBRANT CHHOTA UDEPUR

વાયબ્રન્ટ ગુજરાત- વાયબ્રન્ટ છોટા ઉદેપુર કાર્યક્રમ અંતર્ગત 20 જેટલા સમજૂતી કરાર થયા છે. આ બધા જ ઉદ્યોગોમાં 350થી વધુ લોકોને રોજગારીની તક મળશે.

જીલ્લા પ્રભારી મંત્રી ભિખુસિંહ પરમારે આ કાર્યક્રમનો શુભારંભ કરાવતાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે રાજ્યના નાગરિકોના સર્વાંગી વિકાસ માટે 200 જેટલી યોજનાઓ અમલમાં મૂકી છે. સાંસદ ગીતાબેન રાઠવાએ, જીલ્લાના નાના ઉદ્યોગકારોને મળવાપાત્ર સરકારી યોજનાઓની વિગતો આપી હતી.

અમારા છોટા ઉદેપુરના પ્રતિનિધી રાજેશ રાઠવા જણાવે છે કે, આ કાર્યક્રમમાં જીલ્લા કક્ષાના નાના-નાના ઉદ્યોગકારોના ઉત્પાદનો ઉપરાંત કારીગરો દ્વારા તૈયાર કરાયેલા વાંસ, માટીના વાસણો, સંખેડાનું ફર્નિચર, સખી મંડળની બહનો દ્વારા બનાવેલી વસ્તુઓ, પ્રાકૃતિક ખેતી આધારિત ઉત્પાદિત ચીજ વસ્તુઓ, ખાણી-પીણીની પૌષ્ટિક વસ્તુઓ એક પ્રદર્શનમાં રજુ કરાઇ હતી.

# RUSHIKESH PATEL- AAROGY BETHAK

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આજે ગાંધીનગર ખાતે રાજ્યની સિવિલ હોસ્પિટલ અને 33 જિલ્લાના આરોગ્ય વડાઓ સાથે આરોગ્યને લગતા 21 મુદ્દાઓને આવરી લેતી સમીક્ષા બેઠક યોજી હતી.

આ બેઠકમાં મંત્રી ઋષિકેશ પટેલે રાજ્યની 2 હજાર 300 જેટલી આરોગ્ય સંસ્થાઓમાં આવતા દર્દીઓને કોઈ પણ પ્રકારની હાલાકી

ભોગવવી ના પડે તેમજ દર્દીઓ પ્રત્યે માનવીય અભિગમ દાખવવા તાકીદ કરી હતી. રાજ્યની 1 હજાર 776 જેટલી એમ્બ્યુલન્સને GPS સાથે જોડીને તાકીદની પરિસ્થિતીમાં અપાતી આરોગ્ય સેવાને વધુ સુદ્રઢ અને અસરકારક બનાવવામાં આવશે. રાજ્યની હોસ્પિટલોમાં આઉટસોર્સ દ્વારા નજીકના ભવિષ્યમાં વર્ગ-3 અને 4 માટેની ભરતી પ્રક્રિયા હાથ ધરાશે તેમ પણ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.

આ બેઠકમાં સ્થાનિક સ્તરે માનવસંસાધન, માળખાકીય સુવિધાઓ, મેડિકલ ઉપકરણો સહિતની ઉપલબ્ધતા અને પડકારો અંગે વિગતે ચર્ચા કરવામાં આવી. બેઠકમાં આરોગ્ય સંસ્થાઓના વડાઓ, વરિષ્ઠ તબીબો અને અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# GUJ. PASHU DAVAKHANA

રાજ્ય સરકારે “10 ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાના” ની યોજના અંતર્ગત ચાલુ વર્ષે 250 નવા ફરતા પશુ દવાખાના શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

પશુપાલન મંત્રી રાઘવજી પટેલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, 200 નવીન ફરતા પશુ દવાખાના બિન-આદિજાતિ વિસ્તારમાં અને 50 નવીન ફરતા પશુ દવાખાના આદિજાતિ વિસ્તારમાં શરૂ કરવામાં આવશે. જેના માટે કુલ 17 કરોડ 75 લાખ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે, હાલમાં ગુજરાતમાં કાર્યરત 460 મોબાઈલ પશુ

દવાખાના થકી અત્યારે 5 હજાર 300થી વધુ ગામના પશુઓને વિનામૂલ્યે સારવાર સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

# SANKALP SPTAH

દેશમાં ઉજવાઈ રહેલા 'સંકલ્પ સપ્તાહ'ના કાર્યક્રમો પૈકી આજે 'સંપૂર્ણ પોષણ - એક સંકલ્પ' વિષયક કાર્યક્રમ અંતર્ગત વિવિધ સ્થળોએ કાર્યક્રમો યોજાયા.

તાપી જિલ્લાના વ્યારા ખાતે મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાએ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી. મહિલા અને બાળ કલ્યાણ વિભાગની બાળકો, કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓને પૂરી પડાતી સેવા, સુવિધાઓ અંગે વિગતે સમીક્ષા કરી હતી.

ડાંગના સુબિર ખાતે પોષણ મેળો યોજાયો. જેમાં મમતા દિવસ, ગોદ ભરાઈ, અન્નપ્રાશન, વાનગી નિદર્શન, ન્યુટ્રી ગાર્ડન જેવા કાર્યક્રમો યોજાયા. ICDS વિભાગ અને તાલુકા કક્ષાની ટીમ દ્વારા તાલુકાના કુલ 133 આંગણવાડી કેન્દ્રો ખાતે થીમ અનુસારની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી.

# MOUNTAIN TUNNEL

અમદાવાદથી મુંબઇ વચ્ચે બુલેટ ટ્રેનની કામગીરી કરતી નેશનલ હાઇસ્પીડ રેલ કોર્પોરેશને વલસાડ જીલ્લામાં 350 મીટર લંબાઇવાળી

ટનલની કામગીરી પૂર્ણ કરી નોંધપાત્ર તબક્કો પૂર્ણ કર્યો છે. ઓસ્ટ્રેલિયાની અદ્યતન ટનલ બાંધવાની કામગીરી વડે બંધાયેલી આ ટનલની કામગીરી માત્ર 10 મહિનામાં પૂર્ણ કરાઇ છે. વલસાડ જીલ્લાના ઉમરગામ તાલુકાના ઝરોલી ગામથી આશરે એક કિલોમીટર અંતરે આ ટનલ આવેલી છે.

ઉલ્લેખનીય છે કે, નેશનલ હાઇસ્પીડ રેલ કોર્પોરેશનને અમદાવાદ મુંબઇ માર્ગ ઉપર સાત સ્થળોએ ટનલ બનાવવાની બાકી છે.

# CRICKET

ICC એક દિવસીય વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધાનો અમદાવાદમાં આજથી આરંભ થયો છે. સ્પર્ધાની પહેલી મેચમાં ઈંગ્લેન્ડે ન્યુઝીલેન્ડને વિજય માટે 283 રનનો લક્ષ્યાંક આપ્યો છે.

પહેલા બેટિંગ કરતાં, ઈંગ્લેન્ડે જો રૂટના 77 અને  જોશ બટલરના 43 રનની મદદથી નિર્ધારિત 50 ઓવરમાં 9 વિકેટે 282 રન કર્યા હતા. જ્યારે ન્યુજીલેંડ તરફથી મેટ હેન્રીએ 3, મિચલ સેંટનર અને ગ્લેન ફિલિપ્સ એ 2-2 વિકેટ ઝડપી હતી.

દરમિયાન અમદાવાદના મોટેરા વિસ્તારના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સહિત અન્ય વિસ્તારોમાં સાડા ત્રણ હજારથી વધુ પોલીસ કર્મચારીઓ તૈનાત કરાયા છે.

અમદાવાદના અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટ જણાવે છે કે અમદાવાદ ખાતે  14 ઓક્ટોબરે ભારત-પાકિસ્તાનની મેચ પર દર્શકોની

વિશાળ સંખ્યાને ધ્યાનમાં રાખીને, સ્ટેડિયમના મુખ્ય સ્થળો પર ક્વિક રિસ્પોન્સ ટીમ્સ સહિતની વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવશે..

છેલ્લા સમાચાર મળ્યા ત્યારે ન્યુઝીલેન્ડે 15 ઓવરમાં 1 વિકેટે 121 રન કર્યા છે.

# VERAVAL- YUVAK MAHOTSAV

વેરાવળની શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ખાતે આજથી ૧૭મા યુવક મહોત્સવનો આરંભ થયો છે. આજે સવારે ટાવર ચોકથી યુનિવર્સિટી પરિસર સુધી સંસ્કૃત શોભાયાત્રા યોજાઇ ગઇ. જેમાં યુનિવર્સિટીના પદાધિકારીઓ, ગુજરાતભરમાંથી પધારેલા સ્પર્ધકો, અધ્યાપકો અને યુનિવર્સિટી કર્મચારીગણે ભાગ લીધો હતો.

ત્યારબાદ ઉદ્ઘાટન સમારોહમાં, મહાનુભાવો દ્વારા યુનિવર્સિટીના પ્રકાશન વિભાગ દ્વારા પ્રકાશિત બે ગ્રંથોનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ યુવક મહોત્સવમાં રાજ્યની ૩૩ સંસ્કૃત કોલેજો, મહાવિદ્યાલયોના ૭૦૦ જેટલા સ્પર્ધકો ત્રણ દિવસ વિવિધ ૨૯ સ્પર્ધાઓમાં ભાગ લેશે.

# SABARKANTHA-SAFAI RALLY

સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત ઠેર ઠેર સ્વચ્છતા કાર્યક્રમો યોજાઇ રહ્યા છે, ત્યારે હિંમતનગરની હિંમત હાઇસ્કુલ ખાતે જીલ્લા કલેકટર નૈમેષ દવેએ વિદ્યાર્થીઓ સાથે યોજાયેલી સ્વચ્છતા રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. બાળકો દ્વારા સ્વચ્છતાનું મહત્વ સમજાવતા પોસ્ટર, બેનર અને સૂત્રોચ્ચાર સાથે આ રેલી યોજાઇ હતી.